Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# –: કાર્યવાહી :–

એકેડેમિક કાઉન્સિલની તાકીદની ઓનલાઈન સભા **શનિવાર, તા.૨૯/૦૮/૨૦૨૦** નાં **રોજ સવારે ૧૧:૩૦ કલાકે** મળી હતી, જેમાં ઓનલાઈન ઉપસ્થિત સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| ક્રમ નં. | સભ્યશ્રીઓના નામ | હાજરી |
|---|---|---|
| (૧) | ડૉ. દેસાઈ હેમાલી અરૂણભાઈ<br>**(ઈ.ચા.માનનીય કુલપતિશ્રી)** | હાજર |
| (૨) | ડૉ. ભાવિનકુમાર રમણલાલ નાયક | હાજર |
| (૩) | ડૉ. જયેન્દ્રસિંહ પી. ગોહિલ | હાજર |
| (૪) | ડૉ.સંજય ગોકુલદાસ મણિયાર | હાજર |
| (૫) | ડૉ. જયદીપ ચૌધરી | હાજર |
| (૬) | ડૉ. અજય નટવરલાલ પટેલ | હાજર |
| (૭) | ડૉ. વિજયકુમાર જોષી | હાજર |
| (૮) | ડૉ. વિપુલ આર. શાસ્ત્રી | હાજર |
| (૯) | ડૉ. સ્નેહલ કે. જોષી | હાજર |
| (૧૦) | ડૉ. દિલીપ એલ. વરસાણી | હાજર |
| (૧૧) | ડૉ. ટી. જી. ગોહિલ | હાજર |
| (૧૨) | ડૉ. કલ્પેશકુમાર કે. ટંડેલ | ગેરહાજર |
| (૧૩) | ડૉ. વિમલ એ. પંડયા | હાજર |
| (૧૪) | ડૉ. વિનોદરાય પટેલ | હાજર |
| (૧૫) | ડૉ. દિપકભાઈ ભોયે | હાજર |
| (૧૬) | ડૉ. કિશોરકુમાર એન. ચાવડા | હાજર |
| (૧૭) | ડૉ. અલ્પેશ એ. શાહ | હાજર |

(૧) યુનિવર્સિટીની પરીક્ષા અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની તમામ પરીક્ષાઓ ઓફલાઈન લેવાની રહેશે તેમજ વાયવાની પરીક્ષા ઓનલાઈન/ઓફલાઈન જે તે કોલેજ/ડિપાર્ટમેન્ટ ની અનુકૂળ પરિસ્થિતિ મુજબ લઈ શકાશે.**

(૨) ડિપ્લોમાં / આઈ.ટી.આઈ. થયેલા વિદ્યાર્થીઓ પાસે Technical Examination Board (TEB) નું Equivalent Certificate હોય તો તેમને એફ.વાય.બી.એ.(રેગ્યુલર) માં પ્રવેશ આપવા અંગે વિચારણા કરવા બાબત.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડિપ્લોમાં / આઈ.ટી.આઈ. થયેલા વિદ્યાર્થીઓ પાસે Technical Examination Board (TEB) નું Equivalent Certificate હોય તો તેમને એફ.વાય.બી.એ.રેગ્યુલર તેમજ એક્ષટર્નલમાં પ્રવેશ આપવા.**

(૩) Diploma in Horticulture/Agriculture થયેલા વિદ્યાર્થીઓને એફ.વાય.બી.આર.એસ. માં પ્રવેશ આપવા અંગે વિચારણા કરવા બાબત.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, Diploma in Horticulture/Agriculture થયેલા વિદ્યાર્થીઓને એફ.વાય.બી.આર.એસ. માં પ્રવેશ આપવા અંગે રૂરલ સ્ટડીઝ ફેકલ્ટીના અધ્યક્ષશ્રીનો લેખિતમાં અભિપ્રાય મંગાવી આગળની કાર્યવાહી કરવી.**

(૪) એમ.આર.એસ. ની સપ્ટેમ્બર–૨૦૨૦ માં લેવાનાર સેકન્ડ અને ફોર્થ સેમેસ્ટરની પરીક્ષા ઓનલાઈન યોજવા માટે એમ.આર.એસ. ડિપાર્ટમેન્ટના હેડના આવેલ પત્ર અને રૂરલ સ્ટડીઝના વિદ્યાશાખાના ડીનશ્રીએ ભલામણ મુકેલ છે, જે અંગે એમ.આર.એસ. ના સેકન્ડ સેમેસ્ટરમાં ટર્મ પેપરની અને ફોર્થ સેમેસ્ટરમાં માત્ર મૌખિક સ્વરૂપની હોવાથી પરીક્ષાને ઓનલાઈનમાં લેવા ભલામણ મુકેલ છે. આ સાથે સામેલનાં પત્ર પર વિચારણા કરવા બાબત.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એમ.આર.એસ. ની સપ્ટેમ્બર–૨૦૨૦ માં લેવાનાર સેકન્ડ અને ફોર્થ સેમેસ્ટરની પરીક્ષા ઓનલાઈન યોજવા માટે એમ.આર.એસ. ડિપાર્ટમેન્ટના હેડના આવેલ પત્ર અને રૂરલ સ્ટડીઝના વિદ્યાશાખાના ડીનશ્રીએ ભલામણ મુકેલ છે, જે અંગે એમ.આર.એસ. ના સેકન્ડ સેમેસ્ટરમાં ટર્મ પેપરની અને ફોર્થ સેમેસ્ટરમાં માત્ર મૌખિક સ્વરૂપની હોવાથી પરીક્ષાને ઓનલાઈનમાં લેવાની ભલામણ મંજૂર કરવામાં આવે છે.**

(૫) એમ.સી.એ. ની સપ્ટેમ્બર–૨૦૨૦ માં લેવાનાર સેકન્ડ અને ફોર્થ સેમેસ્ટરની પરીક્ષા ઓનલાઈન યોજવા માટે COVID-19 ના દશ્યને ધ્યાનમાં રાખી ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : કરન / ૧૦૨૦૨૦ / ૦૬૦૫૨૦૨૦ / ખ–૧, તા. ૦૩/૦૬/૨૦૨૦ મુજબ ઓનલાઈન ગોઠવી શકાય, જે અંગે કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ટેકનોલોજી વિદ્યાશાખાના ડીનશ્રીએ ભલામણ મુકેલ છે. આ સાથે સામેલનાં પત્ર પર વિચારણા કરવા બાબત.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, જે તે પ્રાયોગિક પરીક્ષા માટે નીમાયેલા ચેરપર્સન ટી.વાય.બી.એસસી. કોમ્પ્યુટર સાયન્સ, એમ.સી.એ. સેમેસ્ટર–૨ અને ૪ તથા કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિદ્યાશાખા હેઠળના યુ.જી. અને પી.જી. અભ્યાસક્રમોની પ્રાયોગિક પરીક્ષા સ્થાનિક પરિસ્થિતિ અને અનુકૂળતાઓને ધ્યાને લઈ ઓનલાઈન/ઓફલાઈન અથવા બ્લેન્ડેડ (મિશ્રિત) મોડથી લઈ શકે તે મુજબની કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિદ્યાશાખાના ડીનશ્રીની ભલામણનો સ્વીકાર કરી મંજૂર કરવામાં આવે છે.**

**(૬) (માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધની બાબત)**

તા.૦૪/૦૮/૨૦૨૦ ના રોજ યુનિવર્સિટી ખાતે બોર્ડ ઓફ સ્ટડીઝ (નર્સિંગ) ની મીટીંગ મળી હતી જેમાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ છે કે આગામી નર્સિંગની સપ્ટેમ્બર–૨૦૨૦ ની પરીક્ષા સંબંધી MBP પ્રમાણે નિર્ણય લેવામાં આવ્યા છે. ઓગષ્ટ–સપ્ટેમ્બર–૨૦૨૦ માં લેવાનાર બી.એસસી. નર્સિંગની પરીક્ષા અંગે COVID-19 ની મહામારીને અનુલક્ષી ઈન્ડીયન નર્સિંગ કાઉન્સિલ–ન્યુ દિલ્હી અને ગુજરાત નર્સિંગ કાઉન્સિલ–અમદાવાદની પત્રક્રમાંક : 22-10/2020-INC dtd : 10/07/2020 ગાઈડલાઈન પ્રમાણે MBP આપવાનો નિર્ણય લેવામાં આવ્યા છે. (જેની નકલ આ સાથે સામેલ છે.)

વધુમાં સદર બાબત ફેકલ્ટી ડીનશ્રીએ સદર ઠરાવને ફેકલ્ટીવતી મંજૂરી આપેલ હોય તથા AC વતી મા.કુલપતિશ્રીએ મંજૂરી આપેલ હોય તેથી મા.કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા સારૂ.

**:: આથી ઠરાવવામાં આવે છે કે, માનનીય કુલપતિશ્રીએ લીધેલ ઉપરોકત પગલાંની નોંધ લેવામાં આવે છે.**

**(૭) (માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધની બાબત)**

તા.૦૪/૦૮/૨૦૨૦ ના રોજ યુનિવર્સિટી ખાતે બોર્ડ ઓફ સ્ટડીઝ (ફીઝીયોથેરાપી) ની મીટીંગ મળી હતી જેમાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ છે કે આગામી નર્સિંગની સપ્ટેમ્બર–૨૦૨૦ ની પરીક્ષા સંબંધી MBP પ્રમાણે નિર્ણય લેવામાં આવ્યા છે. ઓગષ્ટ–સપ્ટેમ્બર–૨૦૨૦ માં લેવાનાર બી.ફીઝીયોથેરાપીની પરીક્ષા અંગે COVID-19 ની મહામારીને અનુલક્ષી ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ફોર ફીઝીયોથેરાપીની GSCPT/Guidelines/722/2020 dTD : 13/07/2020 ગાઈડલાઈન પ્રમાણે MBP આપવાનો નિર્ણય લેવામાં આવ્યા છે. (જેની નકલ આ સાથે સામેલ છે.)

વધુમાં સદર બાબત ફેકલ્ટી ડીનશ્રીએ સદર ઠરાવને ફેકલ્ટીવતી મંજૂરી આપેલ હોય તથા AC વતી મા.કુલપતિશ્રીએ મંજૂરી આપેલ હોય તેથી મા.કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા સારૂ.

**:: આથી ઠરાવવામાં આવે છે કે, માનનીય કુલપતિશ્રીએ લીધેલ ઉપરોકત પગલાંની નોંધ લેવામાં આવે છે.**

**(૮) (માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધની બાબત)**

સ્ટેચ્યુટ ૨૨૮ મુજબ પદવીદાન કાર્યક્રમ યોજવાનો હોય છે પરંતુ આગામી ૫૧ મો ખાસ પદવીદાન સમારંભ તા.૨૮–૦૮–૨૦૨૦ ના રોજ યોજાનાર હોય હાલની COVID-19 ની મહામારીની પરિસ્થિતીને ધ્યાને રાખી અત્રેના વિભાગની તા.૨૭–૦૭–૨૦૨૦ ની કાર્યાલય નોંધ પર મળેલ આદેશ મુજબ જાહેર કાર્યક્રમ ન રાખી સંપૂર્ણ કાર્યક્રમ ઈ–કોન્વોકેશન (Online) કરવાનું નકિક કરેલ છે અને તે પ્રમાણે ઈ–પદવીદાન સમારંભ યોજાનાર છે. સદરહું બાબત જાણ સારૂ.

**:: આથી ઠરાવવામાં આવે છે કે, માનનીય કુલપતિશ્રીએ લીધેલ ઉપરોકત પગલાંની નોંધ લેવામાં આવે છે.**

(૯) **આર્ટસ** ફેકલ્ટીનાં **અંગ્રેજી** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા **એમ. ટી. બી. આર્ટસ કોલેજ, સુરત** ના આસીસ્ટન્ટ પ્રોફેસર **ડૉ. કે. બી. બિંદુ** ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષ્પર્ટ / નિર્ણાયકો (૧).ડૉ. કમલ મહેતા, પ્રોફેસર એન્ડ હેડ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ અને (૨).ડૉ. જગદીશ એસ. જોશી, પ્રોફેસર– ડાયરેકટર, યુ. જી. સી. હુમન રીસર્ચ ડેવલપમેન્ટ, ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદ ના અહેવાલ / રીપોર્ટ કાર્યાલયને મળેલ છે. સદર બંને અહેવાલ / રીપોર્ટ હકારાત્મક છે જે અવલોકનમાં લઈ BUTની તા.૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ થી બંને અહેવાલો હકારાત્મક હોય તો સીધા જ અહેવાલો AC માં રજુ કરવા ઠરાવેલ હોય,માનનીય કુલપતિશ્રી એ BUTવતી અહેવાલોનો સ્વીકાર કરી AC ને ભલામણ કરેલ હોય જે અવલોકનમાં લેતા **ડૉ. કે. બી. બિંદ** ને **આર્ટસ** ફેકલ્ટીના **અંગ્રેજી** વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. કે. બી. બિંદુને આર્ટસ ફેકલ્ટીના અંગ્રેજી વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(૧૦) કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી ફેકલ્ટીનાં કોમ્પ્યુટર સાયન્સ વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા ડિપાર્ટમેન્ટ ઓફ એમએસ.સી(આઈ.ટી), વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત ના આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. પાંડે કમલેન્દુકુમાર સંતકુમાર ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાફલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષ્પર્ટ / નિર્ણાયકો (૧) ડૉ. પ્રશાંત ડોલીયા,પ્રોફેસર એન્ડ હેડ, ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ, એમ. કે. ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર અને (૨) ડૉ.રૂચિ વિજયવરગિયા (ડિરેકટર, એસ.ડી.બન્સલ કોલેજ ઓફ એન્જીનિયરીંગ,ઈન્દોર) ના અહેવાલ / રીપોર્ટ કાર્યાલયને મળેલ છે. સદર બંને અહેવાલ / રીપોર્ટ હકારાત્મક છે જે અવલોકનમાં લઈ BUT ની તા.૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ થી બંને અહેવાલો હકારાત્મક હોય તો સીધા જ અહેવાલો AC માં રજુ કરવા ઠરાવેલ હોય, માનનીય કુલપતિશ્રી એ BUTવતી અહેવાલોનો સ્વીકાર કરી AC ને ભલામણ કરેલ હોય જે અવલોકનમાં લેતા ડૉ. પાંડે કમલેન્દુકુમાર સંતકુમાર નેકોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજીફેકલ્ટીના કોમ્પ્યુટર સાયન્સ વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. પાંડે કમલેન્દુ સંતકુમારને કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી ફેકલ્ટીના કોમ્મ્પ્યુટર સાયન્સ વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

**<u>અધ્યક્ષસ્થાનેથી રજૂ થયેલ બાબત</u>**

(૧૧) **રૂરલ સ્ટડીઝ** ફેકલ્ટીનાં **રૂરલ સ્ટડીઝ** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા ડિપાર્ટમેન્ટ ઓફ રૂરલ સ્ટડીઝ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. **નિમાવત શ્રીધર રામદાસભાઈ** ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષ્પર્ટ / નિર્ણાયકો (૧. પ્રો. સરિતા અગ્રવાલ, પ્રોફેસર, સેન્ટર ફોર સ્ટડિઝ એન્ડ રીસર્ચ ઈન ઈકોનોમિકસ એન્ડ પ્લાનિંગ, સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત, ગાંધીનગર અને (૨. ડૉ. જે. સી. પટેલ, પ્રોફેસર એન્ડ હેડ, સોશિયોલોજી વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) ના હકારાત્મક અહેવાલ / રીપોર્ટ કાર્યાલયને મળેલ છે. BUT ની તા.૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ થી બંને અહેવાલો હકારાત્મક હોય તો સીધા જ અહેવાલો AC માં રજુ કરવા ઠરાવેલ હોય,માનનીય કુલપતિશ્રી એ BUT વતી અહેવાલોનો સ્વીકાર કરી AC ને ભલામણ કરેલ હોય જે અવલોકનમાં લેતા ડૉ. **નિમાવત શ્રીધર રામદાસભાઈ** ને **રૂરલ સ્ટડીઝ** ફેકલ્ટીના **રૂરલ સ્ટડીઝ** વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. નિમાવત શ્રીધર રામદાસભાઈને રૂરલ સ્ટડીઝ ફેકલ્ટીના રૂરલ સ્ટડીઝ વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(૧૨) M.Sc. Sem.-II ની પ્રાયોગિક પરીક્ષાઓ હાલની COVID-19 ની મહામારીને કારણે આ વર્ષ પૂરતી જે તે પી.જી. સેન્ટરને સોંપવામાં આવે. આ પરીક્ષાનું આયોજન આચાર્ય અને પી.જી. સેન્ટરના ઈન્ચાર્જની રહાભરી હેઠળ કરવામાં આવે તથા જે તે સેન્ટર માર્કશીટ વિષયના ચેરમેનને જમા કરાવે અને પ્રાયોગિક પરીક્ષાની ઉત્તરવહી યુનિવર્સિટીને જમા કરાવે એવી વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ તેમના પત્રથી કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, M.Sc. Sem.-II ની પ્રાયોગિક પરીક્ષાઓ હાલની COVID-19 ની મહામારીને કારણે આ વર્ષ પૂરતી જે તે પી.જી. સેન્ટરને સોંપવામાં આવે. આ પરીક્ષાનું આયોજન આચાર્ય અને પી.જી. સેન્ટરના ઈન્ચાર્જની રહાભરી હેઠળ કરવામાં આવે તથા જે તે સેન્ટર માર્કશીટ વિષયના ચેરમેનને જમા કરાવે અને પ્રાયોગિક પરીક્ષાની ઉત્તરવહી યુનિવર્સિટીને જમા કરાવે એવી વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ તેમના પત્રથી કરેલ ભલામણ મંજૂર કરવામાં આવે છે.**

ક્રમાંક : એ/એ.કા./કા.વા./૭૧૪૧/૨૦૨૦
તા.૨૯/૦૮/૨૦૨૦

ઈ.ચા.કુલસચિવ

પ્રતિ,
એકેડેમિક કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ....